# Prime Minister Delivers Special Key Note Address at the US-India 2020 Summit of US-ISPF

September 03, 2020

## US-ISPF નાં યુએસ-ભારત 2020 શિખર સંમેલનમાં વડાપ્રધાન વિશેષ પ્રેરક સંબોધન રજૂ કરે છે

સપ્ટેમ્બર 03, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યુએસ-ભારત 2020 શિખર સંમેલનમાં વિડીયો કોન્ફરન્સ મારફત વિશેષ પ્રેરક સંબોધન આપ્યું હતું.

યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજીક પાર્ટનરશિપ ફોરમ (USISPF) એક નોન-પ્રોફિટ સંસ્થા છે જે ભારત અને યુ.એસ. વચ્ચે ભાગીદાર માટે કાર્ય કરે છે.

31મી ઓગસ્ટનાં રોજ શરૂ થયેલા આ 5 દિવસીય શિખર સંમેલનનો વિષય "ઈન્ડિયા-યુએસ નેવિગેટિંગ ન્યુ ચેલેન્જીસ" છે.

આ શિખર સંમેલનમાં સંબોધન કરતા, શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વૈશ્વિક મહામારીએ દરેક વ્યક્તિને પ્રભાવિત કરી છે અને તે આપણા પ્રતિકાર, આપણા જાહેર આરોગ્ય તંત્રો, આપણા આર્થિક તંત્રોની કસોટી કરી રહી છે.

તેણે કહ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિની માંગ નવી માનસિકતાની છે. એક એવી માનસિકતા જ્યાં વિકાસ તરફનો અભિગમ માનવ કેન્દ્રિય હોય. જ્યાં દરેક વ્યક્તિ વચ્ચે સહકારની ભાવનાં હોય.

આગળનાં માર્ગ વિશે વાત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે દેશ ક્ષમતાઓ વધારવા પર, ગરીબોનું રક્ષણ કરવા પર અને આપણા નાગરિકોનાં ભવિષ્યને સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

કોવિડ સામેની લડાઇ માટે સુવિધાઓ વધારવા માટે અને નાગરિકોમાં જાગરૂકતા વધારવા માટે લેવામાં આવેલાત વિવિધ પગલાઓનો સંદર્ભ લેતા, વડાપ્રધાને કહ્યું હતું કે આવા તમામ વહેલા પગલાઓએ સુનિશ્ચિત કર્યું છે કે 1.3 અબજ લોકો ધરાવતો અને મર્યાદિત સ્ત્રોતો ધરાવતો દેશ વિશ્વમાં સૌથી ઓછો પ્રતિ મિલિયન મૃત્યું દર ધરાવે છે.

તેણે ખુશી વ્યક્ત કરી હતી કે ભારતનો વ્યાપારી સમુદાય, ખાસ કરીને નાના વ્યાપાર સક્રિય રહ્યા છે. લગભગ નહીંવત માંથી શરૂ કરતા, તેઓએ આપણને વિશ્વમાં સૌથી મોટા પીપીઈ કિટનાં ઉત્પાદક બનાવ્યા છે.

વિવિધ સુધારાઓને સંદર્ભિત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે આ મહામારીએ 1.3 અબજ ભારતીયોની આકાંક્ષાઓ અને મહત્વકાંક્ષાઓને પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહી ગઈ છે.

તેણે કહ્યું હતું કે તાજેતરનાં સમયમાં દેશમાં દૂરોગામી સુધારાઓ થયા છે જેણે વ્યાપારોને સરળ બનાવ્યા છે અને લાલજાજમ-વાદ ઓછો કર્યો છે.

શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વિશ્વનાં સૌથી મોટા વાસ કાર્યક્રમ પર સક્રિય રીતે કાર્ય ચાલું છે અને પુનઃપ્રાપ્ય ઊર્જાનું આંતરમાળખું વિસ્તારવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાને રેલ, રોડ અને હવાઈ કનેક્ટિવિટીને વેગ આપવાને પણ સંદર્ભિત કર્યા હતા.

તેણે કહ્યું હતું કે રાષ્ટ્રિય ડિજિટલ આરોગ્ય અભિયાનનું નિર્માણ કરવા માટે ભારત એક અનન્ય ડિજિટલ નમુનો બનાવી રહ્યો છે.

તેણે કહ્યું હતું કે, અમે લાખો લોકોને બેન્કિંગ, ક્રેડિટ, ડિજિટલ ચૂકવણીઓ અને વીમો પ્રદાન કરવા માટે ફિન-ટેકનો શ્રેષ્ટ ઉપયોગ કરી રહ્યા છીએ. આ તમામ પહેલ વિશ્વ-કક્ષાની ટેકનોલોજી અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવી રહી છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે આ મહામારીએ વિશ્વને બતાવ્યું છે કે વૈશ્વિક પૂરવઠા સાંકળો વિકસાવવા પરનાં નિર્ણયો માત્ર ખર્ચ પર આધારિત ન હોવા જોઈએ. તેઓ વિશ્વાસનાં આધાર પર પણ હોવા જોઈએ. ભૂગોળની પરવડે તેવી ક્ષમતા સાથે, કંપનીઓ હવે વિશ્વસનિયતા અને નીતિ સ્થિરતાની પણ શોધ કરી રહ્યા છે. ભારત એવું સ્થળ છે જ્યાં આ તમામ ગુણો રહેલા છે.

તેણે કહ્યું હતું કે, આ કારણસર, ભારત વિદેશ રોકાણ માટે એક સૌથી મનપસંદ ગંતવ્યસ્થાન બની રહ્યું છે.

તેણે કહ્યું હતું કે, અમેરીકા હોય, યુરોપ હોય કે પછી ગલ્ફ હોય, સમગ્ર વિશ્વ અમારામાં વિશ્વાસ રાખે છે. અમે આ વર્ષ દરમિયાન 20 અબજ ડોલરથી વધારે વિદેશી રોકાણ મેળવ્યું છે. ગૂગલ, અમેઝોન અને મુબાદાલા ઈન્વેસ્ટમેન્ટ્સે ભારત માટે લાંબા-ગાળાની યોજનાઓ જાહેર કરી છે.

વડાપ્રધાને પારદર્શક અને અનુમાન લગાવી શકાય તેવી ભારતની ઑફરો અને પ્રામાણિક કરવેરા ભરનારાઓને તંત્ર કેવી રીતે પ્રોત્સાહિત કરે છે તેને સંદર્ભિત કર્યા હતા. તેણે કહ્યું હતું કે, ભારતનો જીએસટી એકિકૃત છે, સંપૂર્ણ રીતે સક્ષમ કરાયેલ પરોક્ષ કરવેરા તંત્ર છે.

શ્રી મોદીએ નાદારી અને બેંકરપ્સી સંહિતાનો સંદર્ભ લીધો હતો જે સમગ્ર નાણાકીય તંત્ર માટે જોખમ ઘટાડે છે. તેણે વ્યાપક મજૂર સુધારાઓ પર પણ વાત કરી હતી કે તે નોકરીપ્રદાતાઓ માટે અનુપાલનનાં ભારમાં ઘટાડો કરે છે અને કહ્યું હતું કે તે કર્મચારીઓ માટે કેવી રીતે સામાજીક સુરક્ષા પ્રદાન કરે છે.

વડાપ્રધાને વૃદ્ધિને વેગ આપવામાં રોકાણની અગત્યતાની અને ભારત કેવી રીતે તેની માંગ અને પૂરવઠાની બાજુઓને હાથ ધરે છે તેનાં પર ચર્ચા કરી હતી.

તેણે કહ્યું હતું કે આ ભારતને વિશ્વમાં સૌથી ઓછા કરવેરા ધરાવતું ગંતવ્ય સ્થાન બનાવીને અને નવા મેન્યુફેક્ટરિંગ એકમો માટે વધુ પ્રોત્સાહનો આપીને કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાને 'ફેસલેસ એસેસમેન્ટ' આધારિત ફરજીયાત ઈ-પ્લેટફોર્મનો સંદર્ભ લીધો હતો અને કહ્યું હતું કે તે કરવેરો-ભરનારનાં સનદ સાથે નાગરિકોને મદદ કરવામાં ખુબ દૂર સુધી સાથ આપશે. બોન્ડ માર્કેટમાં એકધારા નિયમનકારી સુધારાઓએ રોકાણકારો માટે સુલભતાની સરળતામાં વધારો કરવાને સુનિશ્ચિત કરે છે.

તેણે કહ્યું હતું કે 2019 માં ભારતમાં એફડીઆઈમાં 20 ટકાનો વધારો થયો હતો, જ્યારે વૈશ્વિક એફડીઆઈનાં આવક પ્રવાહમાં 1 ટકાનો ઘટાડો થયો હતો અને આ અમારા એફડીઆઈ તંત્રની સફળતા દર્શાવે છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે ઉપર જણાવેલા તમામ પગલાઓ તેજસ્વી અને વધારે સમૃદ્ધ આવતીકાલ સુનિશ્ચિત કરશે. તેઓ વધારે મજબૂત વૈશ્વિક અર્થતંત્રમાં પણ યોગદાન આપશે.

આત્મનિર્ભર ભારત અથવા સ્વાવલંબી ભારત બનાવવા 1.3 અબજ ભારતીયો દ્વારા ઉપાડવામાં આવેલા અભિયાનને સંદર્ભિત કરતા, વડાપ્રધાને કહ્યું હતું કે તે સ્થાનિકને વૈશ્વિક સાથે સમાવી દે છે અને ભારતની તાકાતો વૈશ્વિક બળ બહુગુણક તરીકે કાર્ય કરે છે.

તેણે કહ્યું હતું કે તે માત્ર નિષ્ક્રિય બજાર હોવામાંથી ભારતનું રૂપાંતરણ કરીને વૈશ્વિક મૂલ્ય સાંકળોનાં હૃદય પર એક સક્રિય મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની બાબત છે.

વડાપ્રધાને કહ્યું હતું કે આગળનો માર્ગ વિપુલ તકોથી ભરપૂર છે, ખાસ કરીને ખાનગી અને જાહેર ક્ષેત્રોમાં અને કોલસો, ખાણકામ, રેલ્વે, સંરક્ષણ, અવકાશ અને અણુ ઊર્જા જેવા ક્ષેત્રો ખોલવાનો સંદર્ભ આપ્યો હતો.

તેણે મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ, તબીબી ઉપકરણો, ફાર્મા ભેત્રો સાથે કૃષિમાં સુધારાઓ જેવા ક્ષેત્રોમાં મોકળાશ આપવાને પણ સંદર્ભિત કર્યા હતા.

વડાપ્રધાને શિખર સંમેલનને કહ્યું હતું કે ભારતમાં પડકારોને લઈને એક એવી સરકાર છે જે પરિણામોમાં માને છે, એક સરકાર જેના માટે જીવન જીવવાની સરળતા વ્યાપાર કરવાની સરળતા જેટલું જ મહત્વ ધરાવે છે.

તેણે ભારતને 65% વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરનાં લોકો ધરાવતા યુવા દેશ તરીકે વર્ણવ્યો હતો જેઓ આંકાક્ષાઓ ધરાવે છે અને રાષ્ટ્રને નવી ઉંચાઈઓ પર લઇ જવા માટે નક્કી કર્યું છે. તેણે કહ્યું હતું કે ભારત રાજકીય સ્થિરતા અને રાજકીય સાતત્યતા ધરાવતો દેશ છે અને તે લોકશાહી અને વિવિધતા તરફ કટિબદ્ધ છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 03 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.